દાખલ થયા તારીખ : ૧૮/૧૨/૯૬
રજિ.લીધા તારીખ : ૧૮/૧૨/૯૬
નિકાલ થયા તારીખ : ૧૪/૦૬/૧૮.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં. ૧૬૨૯/૯૬.**
**આંક :૮.**

ફરિયાદી........................ શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી.................... ૧. બાબુભાઈ ઉર્ફે છોટેરામ આશ્રય, શર્મા,
૨. મુન્નાલાલ ઉર્ફે મુસાઈરામ આશ્રય શર્મા,
ઉવ.પુખ્ત.
રહેવાસી: પતરાવાળી ચાલી ઘર નં.૪૮,
જનતાનગર સામે, અમરાઈવાડી, અમદાવાદ.

તહોમત ::–ઈ.પી.કો. કલમ : ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી આર. એસ. તિવારી.

## -:: ચુ કા દો ::-

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે તા. ૧૨/૧૨/૯૬ના કલાક:૧૫/૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદીના દીકરા વિષ્ણુને આરોપીઓએ જણાવેલ કે તુ અમારી ભાભી સરીતાની સામુ કેમ જોવે છે. તેમ કહી ફરીયાદીના દીકરાને જાહેરમા બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ-: ૨૯૪ (ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુના સબબ પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓને સમન્સ કાઢતાં, અને આરોપીઓના વિ. વ. શ્રી મારફત હાજર થત ક્રિ. પ્રો. કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી આંક-૧ હેઠળ કર્યા બાદ, આંક-૨ થી તહોમતનામુ ફરમાવી, આંક-૩ થી જવાબ લેતાં, આરોપીઓએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, કામ પુરાવા ઉપર રહેતાં

પુરાવો નોંધવાનું શરૂ કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ, પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતા અને આંક–૪ થી સમાધાન પુરસીસ રજુ થયેલ, જે વંચાણે લીધી. પરંતુ, આ કામના ગુનાઓ બીનસમાધાનકારી હોય તે અંગે આરોપીઓ તરફે કોઈ ખાસ કારણ કે અરજી રજુ ન હોય કોઈ ન્યાયિક હુકમ થઈ શકે નહી. પરંતુ, પુરસીસ રેકર્ડ કરવામા આવેલ છે.

૪. ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૭ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલાં નથી.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

૬. ત્યાર બાદ, સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામા આવી.

૭. આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ઓ ::–**

:૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે તા. ૧૨/૧૨/૯૬ના કલાક:૧૫/૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદીના દીકરા વિષ્ણુને આરોપીઓએ જણાવેલ કે તુ અમારી ભાભી સરીતાની સામુ કેમ જોવે છે. તેમ કહી ફરીયાદીના દીકરાને જાહેરમા બીભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ–: ૨૯૪ (ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુ ક મ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

૯. ઉપરોકત નિર્ણયોનાં મારાં વિગતવારનાં કારણો નીચે મુજબ છે.

**'' કા ર ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

૧૦. આ કામે ફરિયાદ પક્ષે વર્તમાન આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–૫ થી ફરીયાદી રામગોપાલ રામકુલ કશ્યપને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવનાં દિવસે, સમયે અને સ્થળે આરોપી સાથે તેમની ભાભી સામે જોવા બાબતે વાતચીત કરવા બાબતે સામાન્ય બોલાચાલી થતાં, તેઓએ આ કામની ફરિયાદ આપેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નથી. બનાવની ફરિયાદ તેઓએ આપેલ હોવાનુ

જણાવી, સહી ઓળખી બતાવવી, ફરિયાદ રજૂ કરી, આંક-૬ થી રજૂ કરવામાં આવેલ છે. આ ફરીયાદીએ ફરિયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન ન આપતાં, ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ સાહેદની બચાવ પક્ષ દ્ધારા ઉલટતપાસ કરતાં, તેઓએ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપી સાથે રાજી-ખુશીથી, ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષનાં કેસ અનુસાર હાલનાં કેસના આ સાહેદ છે અને છતાં આ સાહેદનો સમગ્ર પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ છે, જે ધ્યાને લેતાં, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓની સમગ્ર જુબાનીનો નિચોડ જોતાં, આરોપી પર ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર થતું નથી. તે રીતે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ ના હોઈ, મુદ્દામાલ રીકવરી પંચનામુ પણ કરાયેલ ન હોય જે તમામ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૫૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ) મુજબ અપીલ સમય માટે આરોપીએ રૂપિયા ૫,૦૦૦–૦૦ ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નાં જામીન આપવાના રહેશે અથવા જુના જામીન ચાલુ રહેતા હોવાની પુરસીસ રજુ રાખવી.

આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. –૦૬–૨૦૧૮
અમદાવાદ

( અતુલકુમાર રજનીકાંત પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૭
અમદાવાદ.
UNIQUE CODE GJ00710